सत्यमेव जयते

જી.એન.નાચીયા
નિયામક

નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લૉક નં.૧૬,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય,
ગાંધીનગર- ૩૮૨૦૧૦
ફોન નં. ૦૭૯ ૨૩૨૫૬૩૦૯
ઇ.મેલ:dir-sd@gujarat.gov.in

---

# પરિપત્ર

ન.મકમ/૧૧ માસ કરાર/૨૦૧૯-૨૦/૪૫૮૭ તા.૦૪/૦૭/૨૦૧૯

**વિષય : ૧૧ માસના કરાર આધારીત કર્મચારીઓના નવા કરાર બાબત**

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ અને ખાતા હસ્તકની સંસ્થા/કચેરીના વડાઓને જણાવવાનું કે ખાતાની જિલ્લાની સરકારી કચેરીઓ/સંસ્થાઓમાં જુદા જુદા સંવર્ગમાં ૧૧ માસના કરાર આધારીત કર્મચારીઓની નિમણુંક માટે મંજુરીઓ આપવામાં આવેલ છે. આ જગ્યાઓ પર પુનઃ કરાર આધારીત નિમણુંક માટે દરખાસ્ત વડી કચેરી ને રજુ કરી નિમણુંક માટે મંજુરી મેળવવામાં આવે છે. જેમાં ફેરફાર કરી નીચે મુજબ સુચના આપવામાં આવે છે. જેનું પાલન કરવાનું રહેશે.

૧) જે જગ્યા મંજુર થયેલ છે અને અગાઉ આ જગ્યા રદ થયેલ નથી તથા આ જગ્યા પર કોઈ કર્મચારી ફરજ બજાવતાં હતાં તેવા કર્મચારીઓની મુદ્દત પુર્ણ થયા બાદ નવા કરાર જે તે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓએ જે તે સંસ્થા અને કચેરીની દરખાસ્ત મેળવીને જરૂરી ચકાસણી કરીને નવા કરાર કરવાના રહેશે.

૨) આવા કરારો સામાન્ય વહિવટ વિભાગના તા.૧૧/૧૦/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક પરચ/૧૦/૨૦૧૭/ ૫૭૬૯૮૮/ખ-૩ની શરતો પરિપુર્ણ કરતા હોય તેવા કર્મચારીના જ કરાર નવેસરથી કરવાના રહેશે. જેની જાણ વડી કચેરી ખાતે કરવાની રહેશે.

૩) જેની અગાઉ આ કચેરી દ્વારા મંજુરી આપવામાં આવી છે તેવા સમાજ સુરક્ષા સહાયકો તથા શિક્ષકોના કરાર પણ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓએ ઉપરની સુચનાઓને ધ્યાનમાં રાખીને કરવાના રહેશે.

પરિપત્રનો તાત્કાલિક અમલ કરવો. પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મોકલી આપવી

નિયામક
સમાજ સુરક્ષા ખાતુ.
ગુજરાત રાજ્ય ગાંધીનગર

<u>પ્રતિ,</u>

૧) વડી કચેરીના તમામ શાખા અધિકારીશ્રીને જાણ સારૂ

૨) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ તેમજ સરકારી સંસ્થાઓના વડાઓને જાણ અર્થે.